ગાંધીનગર સમાચાર



# ઊનાની ઘટનાના વિરોધમાં ગાંધીનગર ખાતે ધરણા યોજાયા

**ગુજરાત દલિત પંચાયત પરિષદ દ્વારા ઘટનાને સખત શબ્દોમાં વખોડી દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માંગ : મંત્રી રમણલાલ વોરાના રાજીનામાની માંગ**




ગાંધીનગર, તા.૧૯

ઊના ખાતે દલિત યુવાનોને જાહેરમાં ઢોર મારી માર્યાની ઘટનાએ રાજયભરમાં રોષ ફેલાવ્યો છે ત્યારે આ કાંડના દોષિતોને કડકમાં કડક સજા થાય તેવી કાર્યવાહી કરવા ગાંધીનગર ખાતે ધરણાનો કાર્યક્રમ થવા પામ્યો હતો. ગુજરાત દલિત પંચાયત પરિષદ દ્વારા ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી મંત્રી રમણલાલ વોરાના રાજીનામાની માંગ કરી છે. સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરીને સાંસદ કીરીટ સોલંકીને પણ આડે હાથ લીધા હતાં.

ગુજરાતમાં દલિતો પર અત્યાચારના બનાવ વધતા હોવાના સ્પષ્ટ નિવેદન સાથે ગુજરાત દલિત પંચાયત પરિષદ, ગાંધીનગર દ્વારા ઊનાના દલિતોને જાહેરમાં બાંધીને માર માર્યાની ઘટનાને સખત શબ્દોમાં વખોડવામાં આવી હતી. પરિષદના જણાવ્યા પ્રમાણે ઉનાની ઘટના ઉપરાંત પોરબંદરના સોઢામણામાં અને ધોળકાના લોલીયામાં દલીતોના સામાજીક બહિષ્કાર સહિતના સંખ્યાબંધ બનાવો તાજેતરમાં બનેલા ધ્યાને આવ્યા છે આ અત્યાચારોના વિરોધ માટે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે ધિક્કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે રેલીની મંજુરી ન હોવાથી સમાજના એકત્રીત થયલા અગ્રણીઓએ ધરણા યોજીને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી મંત્રી રમણ વોરાના રાજીનામાની માંગ કરી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અગ્રણીઓ પણ જોડાયા હતા.

# હવે શહેરમાં રંગમંચની ડિપોઝીટ ૧૦ હજાર કરાઈ

**બાંકડા અને સોલાર લાઈટો માટે કાઉન્સીલરો ગ્રાન્ટ નહિ વાપરી શકે : સ્થાયી સમિતિનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકે આજે રંગમંચના નિયમોમાં ફેરફાર કરવા સાથે ડિપોઝીટની રકમ રૂ. ૧૦ હજાર રાખવાનો નિર્ણય કરેલ છે.

આજે મનપાની સ્થાયી સમિતિની બપોરે મળેલ બેઠકમાં રંગમંચની ડિપોઝીટ રૂ. ૧૦ હજાર કરવા તેમજ રંગમંચ ઈન્ચાર્જ તરફથી કલીયરન્સ સર્ટિફીકેટ રજુ કરેથી ૧૫ દિવસની મર્યાદામાં ડિપોઝીટ પરત આપવામાં આવશે. તેવા મહત્વના સુધારાઓ કરવા સાથે આનુસંધિક અન્ય સુધારાઓ કરવા મ્યનિ. કમિશનરને સત્તા આપી છે.

આજની સ્થાયી સમિતિએ સે. ૨૮ તેમજ સરિતાગાર્ડનમાં ટ્રિટેડ વૉટર છંટકાવ કરવા માટે જલસંગ્રહ સ્થાન (સરવ) બનાવવાના ટેન્ડરને પણ મંજૂરીની મ્હોર મારી છે. આ ટેન્ડર ૨૫ ટકા જેટલુ નીચુ આવ્યુ છે.

સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આજે કાઉન્સીલરોને અપાતી વિકાસ કામો માટેની ગ્રાન્ટના ઉપયોગ અંગેના નવા

● અનુસંધાન પાન-૭ પર

## મનપા પણ નવો સભાખંડ બનાવશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે નવો સભાખંડ બનાવવામાં આવશે. જો કે આ અંગે આજે સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચાઓ થઈ છે હવે પછી તે અંગેની દરખાસ્ત રજુ કરવા કમિશનરને જણાવાયું છે.

હાલ જે સભાખંડ છે તેના બદલે બી વીંગમાં આ નવો સભાખંડ બનાવાશે તેમજ હાલનો સભાખંડ છે તેમાં કોર્પોરેશનના સચિવ તેમજ અન્ય અધિકારીઓની ચેમ્બરો બનાવવાનું આયોજન છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં આ અંગેનો નિર્દેશ ચેરમેન શ્રી મનુભાઈ પટેલે આપ્યો હતો.

## શહેરમાં ગુરૂવંદનાના કાર્યક્રમો યોજાયા


સે.૧ સમદર્શન આશ્રમ


ધોળેશ્વર મહાદેવ


રામજી મંદિર, વાવોલ


પંચદેવ મંદિર, સે.૨૨


સ્વામિનારાયણ ગુરૂકુલ

# સે-૭ અને સે-૧૩માં બે ભયજનક સરકારી આવાસો તોડી નાંખવામાં આવશે

**નિકાલ હેઠળના મકાનોનો કડુસલો કરી દેવાયા બાદ અન્ય ભયજનક બ્લોક પણ તોડી નંખાશે**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં ભયજનક સ્થિતિમાં માલુમ પડતા સરકારી આવસો પણ તબક્કાવાર તોડવામાં આવી રહયા છે. સે-૭ તેમજ સે-૧૩ અન્ય બે બ્લોક તોડી નાંખવા માટે માર્ગ મકાન મંત્રી કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે. અગાઉ પણ સેકટર -૭ માં અન્ય એક બ્લોક ખાસ કિસ્સામાં તાડી નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.

શેહરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. સેકટરોમાં ટાવર કોલોની બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સે-૭ અને સે-૨૯ માં નવા મકાનો બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. કોર્પોરેટ ટચ ધરાવતા આવાસોની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જયારે સે-૭ અને સે-૧૩ માં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ ભયજનક આવાસો મામલે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સકટરોમાં ભયજનક માલુમ પડેલા મકાનો તોડી નાંખવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના જુના સેકટરોમાં આજથી ફોર્સથી પાણી આવશે

**ચરેડી વોટર વર્કસમાં વેક્યુમ બોટલ સળગી જતા મુંબઇથી મંગાવાઇ સમારકામના અંતે આખરે ત્રણ દિવસ બાદ પાણીની સમસ્યા હલ થશે**

ગાંધીનગર તા ૧૯

ચરેડી પાણીની ટાંકીના વોટર વર્કસમાં ટેકનિકલ ખામીના લીધે વેક્યુમ બોટલ બળીને ખાખ થતા જુના સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. વેક્યુમ બોટલ અમદાવાદ ,બરોડામાં ઉપલબ્ધ ન હોવાથી તંત્ર દ્વારા મુંબઈથી મંગાવામાં આવી છે. મંગળવાર સાંજ સુધીમાં કામ પુર્ણ થતા આજથી સેકટરોમાં ફોર્સથી પાણી આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના જુના સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. જુના સેકટરોમાં ખાનગી તેમજ સરકારી વસાહતમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. ચોમાસા દરમિયાન જ સેકટરોમાં પાણીનો પ્રશ્ન ઉઠતા નગરજનોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સુત્રોના જણાંવ્યા મુજબ ચરેડી વોટર વર્કસમાં પમ્પ રૂમમાં વેકયુમ સર્કીટ બકેટની વેક્યુમ

● અનુસંધાન પાન-૭ પર




# સરદાર હોલ અને ના.જિ. વિકાસ અધિકારીની કચેરીનું વિસ્તૃતિકરણ કરવા કારોબારીનો નિર્ણય

**રિનોવેશન પાછળ રૂ. ૪ લાખથી વધુનો ખર્ચ થવાના અંદાજો : એન.એ. અંગેના કેસો અધ્યક્ષસ્થાનેથી લેવાતા સમગ્ર બાબતે વિવાદ ઉભો થયો**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની આજે મળેલ બેઠકમાં પંચાયતના સરદાર હોલના વિસ્તૃતીકરણની સાથે સાથે ના. જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત)ની કચેરીના વિસ્તૃતિકરણનો પણ નિર્ણય લીધો હતો.

જિલ્લા પંચાયતમાં અંદાજપત્રમાં રિનોવેશન માટે રૂ. ૧૦ લાખ નિયત કરાયેલ છે. આજની કારોબારી સમિતિએ ચેરમેનો અને અધિકારીઓને એ.સી. મશીન ફાળવવા બાબતે ચર્ચાઓ કરી હતી. જો કે આ અંગે કોઈ ચોકકસ નિર્ણય પર કારોબારી સમિતિ પહોંચી શકી ન હતી. સામાન્ય સભાએ પણ આ મુદ્દે હાલ નિયમોની ચકાસણી માટે થઈ પડતર રાખેલ છે જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે સરદાર હોલના વિસ્તૃતીકરણ પાછળ રૂ. ચાર થી પાંચ લાખનો ખર્ચ થવાના પ્રાથમિક અંદાજો છે.

આજે સ્થાયી સમિતિની બેઠકમાં એન.એ. અંગેના કેસો અધ્યક્ષસ્થાનેથી પણ રજુ થયાની વાતને લઈ તે ભારે ચર્ચાનો મુદ્દો બન્યા હતા. વિકાસ કમિશનરશ્રીએ પણ આવા કેસો અધ્યક્ષસ્થાનેથી નહિ લેવા આગ્રહ કરેલ હોવા છતાં છેલ્લી ઘડીએ રજુ કરાતા તેને લઈ આ બાબત ચર્ચામાં આવી છે.

આજની કારોબારી સમિતિએ હિસાબો સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધીના આખરી કરી દીધા હતા. આ ઉપરાંત હિસાબી અધિકારીની કચેરીમાં ફર્નિચરના આધુનિકરણ માટે પણ નિર્ણય લઈ મંજુરી આપી છે.

આ બેઠકમાં સાત જેટલા વકીલોને પંચાયતની પેનલમાં સમાવેશ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## માર્ગ મકાન વિભાગના સચિવ તરીકે એસ.બી. વસાવા

ગાંધીનગર તા ૧૯

માર્ગ મકાન વિભાગના નવા સેક્રેટરી તરીકે એસ.બી વસાવાની નિમણુંક કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નોટીફીકેશન જારી કરી તેમની નિમણુંકનો આદેશ કરી દેવાયો છે. હાલ માર્ગ મકાન વિભાગમાં સેક્રેટરી તરીકે પી જે પટેલ ફરજ બજાવે છે. જયારે આગામી તા ૩૧ જુલાઈના રોજ પી જે પટેલ વયનિવૃત થાય છે. જયારે તેમના સ્થાને બી એસ વસાવાને નવા સેક્રેટરી તરીકે ફરજ સોંપવામાં આવી છે.મહીનાના અંતમાં પી જે પટેલ નિવૃત થયા બાદ તા ૩૧ જુલાઈથી શ્રી બી એસ વસાવા સેક્રેટરી તરીકે ચાર્જ સંભાળશે.

# શહેરમાં વરસાદ બંધ થતા તાપમાન વધ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગયા અઠવાડિયે શહેરમાં સારો વરસાદ પડ્યા બાદ આજે વરસાદ બંધ રહ્યો હતો. વરસાદ બંધ રહેતા આજે મહત્તમ તાપમાન ચાર ડિગ્રી જેટલો વધારો થયો છે.

ગયા સપ્તાહે શહેરમાં સારો એવો વરસાદ પડ્યા બાદ છેલ્લા બે દિવસ વરસાદ બંધ છે. ક્યારેક ક્યારેક એકાદ ઝાપટુ વરસી જાય છે.

આજે આખો દિવસ વાદળોની અવરજવર રહી હતી. જો કે વરસાદ વરસ્યો ન હતો. ક્યારેક ક્યારેક તડકો પણ નીકળ્યો હતો. વરસાદ ન વરસતાં તાપમાનમાં વધારો થયો હતો. મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી જેટલો વધારો થતા બફારો અનુભવાતો હતો.

આજે મહત્તમ તાપમાન ૩૬.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૭૫ ટકા રહ્યુ હતુ.

## નોટીસ

સાંચા કામ સબબે, તારીખ ૨૧/૭/૨૦૧૬, ગુરૂવારના રોજ, નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧.૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

**(૧) સેક્ટર-૨, સબસ્ટેશન**

**સહી/-**
**ટોરેન્ટ પાવર લીમીટેડ**

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com